સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના વાયરસનો

નવો સ્ટ્રેન સિનિયર સિટીઝનો માટે ઘાતક, ૪નાં મોત

સિનિયર સિટીઝનો માટે હવે બહાર ફરવું મુશ્કેલ, મેળાવળામાં જવાનું પણ ટાળવું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ પવન ગતિએ વધી રહ્યું છે. ખાનગી આંકડા સ્વીકારીએ તો ૧૦૦૦થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે. બંન્ને જિલ્લામાં પાછલા ૧૦ દિવસમાં જે કોઈ મોત નિપજ્યા તેમાં સિનિયર સિટીઝનની સંખ્યા વધુ છે. બાયડ સહિતના વિસ્તારોમાં ૪ સિનિયર સિટીઝનના મોતથી એ પૂરવાર થયું છે કે કોરોના વાયરસનો નવો સ્ટ્રેન સિનિયર સિટીઝનો માટે ઘાતક બની રહ્યો છે. દરેક પરિવારોએ પોતાના ઘરના વડીલોને બહાર જતાં અટકાવવા પડશે. મેળાવળામાં જવાનું પણ ટાળવું પડશે. સિનિયર સિટીઝન વેક્સિનેશન કરાવ્યું ન હોય તો તૂરંત કરાવવું હિતાવહ છે.

રાજ્યમાં કોરોના સંક્રમણ વધવા પાછળ સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ અને અમદાવાદમાં યોજાયેલી ભારત-ઈંગ્લેન્ડની મેચ ઉપર દોષારોપણ થઈ રહ્યું છે આ તમામ હકીકત સાચી હોય તો પણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ જે ગતિએ વધ્યું છે તે જોતાં કોઈના ઉપર દોષારોપણ કરવું અયોગ્ય છે. ખુદ વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે કે દેશ સહિત ગુજરાતમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન શરૂ થયો છે. જેમાં લાખો લોકો સંક્રમિત થવાની દહેશત છે. આ માટે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાથી બચી જવાશે તેવું માનવાને કોઈ કારણ નથી. કોરોનાની મહામારી સામે લડવા માટે હવે રણનીતિ બદલવી પડે તેવો સૂર પણ સામે આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દરરોજ સરકારી દફતરે સરેરાશ ૧૮ થી ૨૨ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે તેમાં સિનિયર સિટીઝન વધુ સંક્રમિત થયાનું બહાર આવ્યું છે. બાયડમાં અત્યારે જે પણ કોરોના સંક્રમિત થયા છે તેમાં મોટાભાગે ૫૫ થી ૬૮ વર્ષની વયના લોકો હોવાનું બહાર આવ્યું છે. જ્યારે પાછલા દિવસોમાં બાયડ તાલુકા ઉપરાંત જિલ્લાના અન્ય વિસ્તારોમાં કોરોનાના સંક્રમણ પછી મોત નિપજનાર લોકો પણ સિનિયર સિટીઝન છે તે જોતાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન તમામ સિનિયર સિટીઝનો માટે ઘાતક સાબિત થઈ શકે છે. દરેક પરિવારોએ પોતાના વડીલોને વર્ષ-૨૦૨૧ માં જીવતા રાખવા હોય તો તેમને ઘરની બહાર જતા કોઈપણ ભોગે રોકવા પડશે.

બાયડમાં ભાજપના બે આગેવાનો કોરોનાથી સંક્રમિત

હોમ ક્વોરન્ટાઈન થયા, અન્ય વિસ્તારોમાં સંક્રમણ વધ્યું

બાયડમાં ભાજપના વધુ ૨ આગેવાનો કોરોનાથી સંક્રમિત થતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. બાયડના અન્ય વિસ્તારોમાં પણ કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે.

બાયડ તાલુકામાં કોરોનાએ સકંજો વધુ મજબૂત કરતાં સોમવારે ગાબટ તથા ઉભરાણમાં ૫ લોકોનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. રસીકરણ ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે જ કોરોનાના અતિક્રમણે આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી છે. બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં ભાજપના ૨ આગેવાનોને કોરોના પોઝિટિવ ટેસ્ટ જણાતાં ડૉક્ટરની સલાહ મુજબ હોમ ક્વોરન્ટાઈન થયા છે. તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ તેઓએ આ અંગેની જાણકારી આપી છે.

અગાઉ પણ બાયડના એક મહિલા ભાજપ અગ્રણી કોરોનાથી સંક્રમિત થતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા તેઓ અત્યારે સ્વસ્થ્ય હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે.

જિલ્લાના ૩૦૦થી વધુ ગામડાઓને સકંજામાં લેતો કોરોના

ગામડાં વધુ ચેપગ્રસ્ત, પ્રજા શરદી, ઉધરસને સામાન્ય સમજી સારવારમાં વિલંબ કરે છે, સ્થિતિ ગંભીર બનવાના સંકેત

સાબરકાંઠામાં કોરોનાના નવા ૧૮ પોઝિટિવ કેસ

સાબરકાંઠામાં શનિવારે કોરોનાના વર્તમાન મહિનાના સર્વાધિક કેસ નોંધાયા છે. ૧૮ પોઝિટિવ કેસ નોંધાતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સન્નાટો વ્યાપ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હિંમતનગરના ગાંભોઈ, તલોદના રોઝડ, વિજયનગરના ધોળીવાવ, ઈડરના કડીયાદરા, લેઈ ગામમાં પોઝિટિવ નોંધાયા છે. જ્યારે હિંમતનગરની રામેશ્વર, ગુરૂકૃપા, હસ્તિનાપુર, પંચદેવ, આસોપાલવ, ગંગોત્રી સોસાયટી ઉપરાંત નિકુંજ બંગ્લોઝમાં પોઝિટિવ કેસ સામે આવ્યા છે. વિજયનગરની મહાવીરનગર સોસાયટીમાં પણ કેસ નોંધાયા છે.

અરવલ્લીમાં વકરતી સ્થિતિ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કોઈનો મોબાઈલ ઉપાડતા નથી

અરવલ્લી જિલ્લામાં કોરોનાની સ્થિતિ વકરી રહી છે. સરકારી દફતરે પણ મૃત્યુ દર ઓછો બતાવાઈ રહ્યો છે. સોમવારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.જી.શ્રીમાળીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું હતું. લોક ચર્ચા એવી છે કે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને મોબાઈલ ઉપાડવાથી કોરોનાનો ચેપ લાગવાની દહેશત હોવાથી કોઈનો પણ ફોન ઉપાડતા નથી.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં કોરોનાએ પંજો પાથર્યા પછી બીજી લહેરમાં ગામડાઓમાં કોરોનાનો સકંજો વધુ મજબૂત બની રહ્યાં છે. એક પછી એક ગામડાઓની કોરોનાએ મુલાકાત શરૂ કરી છે તે જોતાં આવનારા દિવસોમાં પ્રજા યોગ્ય તકેદારી નહીં રાખે તો સ્થિતિ ગંભીર બનવાના સંકેત છે. બંન્ને જિલ્લામાં અત્યાર સુધી ૩૦૦ થી વધુ ગામડાઓમાં કોરોનાના પોઝિટિવ અને શંકાસ્પદ દર્દી નોંધાયા છે. પ્રજા શરદી, ઉધરસ થાય તો સામાન્ય બિમારી તરીકે ખપાવે છે પરંતુ ૨-૪ દિવસ પસાર થયા પછી ન્યુમોનિયાની અસર થાય ત્યારે આવા દર્દીની હાલત ગંભીર બની જાય છે. આરોગ્ય કર્મીઓ સર્વેમાં જાય ત્યારે પણ ગ્રામ્ય પ્રજા પૂરતો સહયોગ આપતી ન હોવાના આક્ષેપ થવા લાગ્યા છે.

કુદરતે તાપમાનમાં અને કોરોનાએ રોગચાળામાં રફતાર તેજ બનાવતાં ભરઉનાળે વહીવટી તંત્રની અગ્નિ પરીક્ષાનો સમય શરૂ થયો છે. દેશ સહિત ગુજરાતમાં અને પોતાના જિલ્લામાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો હોવા છતાં ગ્રામ્ય અને શહેરી પ્રજા જરાપણ ગંભીર નથી. હજુ પણ સોશ્યલ ડિસ્ટન્સનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. માસ્ક પહેરતાં શરમ આવતી હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. આ બધાથીય આગળ વધી સરકાર અને આરોગ્ય વિભાગે ૪૫ વર્ષથી વધુ વયના તમામ લોકો માટે મફત વેક્સિનેશન શરૂ કર્યું પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની રસી લેતાં પ્રજા ડરતી હોય તેવી વિગતો રસીકરણના આંકડા ઉપરથી જોવા મળી છે. ત્યારે ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધુ તેજ બન્યું છે. ગામડાઓમાંથી અનાજ, શાકભાજી, દૂધનો મોટો જથ્થો શહેરી વિસ્તારમાં અને તાલુકા મથકે ઠલવાય છે. ગ્રામ્ય પ્રજા ખરીદી માટે મોટી સંખ્યામાં શહેરી વિસ્તારોમાં આવતી હોય છે જે ગ્રામ્ય પ્રજા હવે સુપર સ્પ્રેડર બની અન્ય લોકોને પણ ચેપગ્રસ્ત કરે તેવી સંભાવના છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૩૦૦ થી વધુ ગામડાઓમાં કોરોનાનો સકંજો વધુ વિસ્તર્યો છે. ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે તંત્ર દ્વારા રસીકરણ ઝૂંબેશને સઘન બનાવી છે. કેટલાક રસીકરણ કેન્દ્રો ઉપર જૂજ સંખ્યામાં લોકો રસી મૂકાવવા માટે આવતા હોય છે અને તે પણ કેટલી સમજાવટ કર્યા પછી.

ભિલોડા, બાયડ, ધનસુરા મામલતદાર કચેરી

કોરોના સકંજામાં, નાયબ મામલતદાર સહિત પાંચ કોરોનાથી સંક્રમિત

પુરવઠા નાયબ મામલતદારના સંક્રમણમાં આવેલા સસ્તા અનાજના દુકાનદારો ચિંતિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લામાં ભિલોડા, બાયડ અને ધનસુરા મામલતદાર કચેરી કોરોના સકંજામાં આવી છે. ભિલોડા મામલતદાર કચેરીમાં પુરવઠા શાખાના નાયબ મામલતદાર મયુર રાવલ કોરોનાથી સંક્રમિત થતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. તેમના સંપર્કમાં આવેલા સસ્તા અનાજના દુકાનદારો ચિંતિત બન્યા છે. જ્યારે ધનસુરા અને બાયડ મામલતદાર કચેરીમાં ૩ રેવન્યુ તલાટી સહિત ૪ કર્મચારી કોરોના સંક્રમિત થતાં હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. એક પછી એક સરકારી કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થતાં હવે અરજદારો પણ કચેરીની મુલાકાતે જવું કે કેમ..?? તેને લઈને ચિંતા અનુભવી રહ્યા છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે અત્યાર સુધી સામાન્ય પ્રજા કોરોનાના સકંજામાં આવતી હતી પરંતુ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી અરજદારો પોતાના પ્રશ્નોના ઉકેલ માટે સરકારી કચેરીઓમાં પહોંચવા લાગ્યા છે અને તેઓ સંક્રમિત હોય તે રીતે ચેપ કચેરીના કર્મચારીઓ સુધી પ્રસરવા લાગ્યો છે. શૈક્ષણિક સંકુલો, આરોગ્ય કર્મીઓ, જેલના કેદીઓ વગેરેએ કોરોના પોઝિટિવ આવ્યા પછી હવે મામલતદાર કચેરીની મુલાકાતે કોરોના પહોંચ્યો છે. જેમાં ભિલોડા મામલતદાર કચેરીના નાયબ મામલતદાર, ધનસુરા મામલતદાર કચેરીના ૨ રેવન્યું તલાટી તેમજ બાયડ મામલતદાર કચેરીના મહિલા કલાર્ક અને અન્ય રેવન્યુ તલાટી કોરોનાથી સંક્રમિત થયાનું બહાર આવ્યું છે. પાછલા ૪ દિવસ દરમ્યાન તેઓ જેમને પણ મળ્યા છે તેવા લોકો ચિંતિત બન્યા છે અને રેપિડ ટેસ્ટ માટેની તૈયારી કર્યાનું જાણવા મળ્યું છે.

અજબપુરામાં વિજ તંત્રની ગજબની કામગીરી, ઝાડ સાથે તાણિયો બાંધ્યો

વિજ કરંટ લાગશે તો જવાબદારી કોની..?? ખેડૂતની ફરિયાદ કચરાપેટીમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ તાલુકાના સાઠંબા નજીકના અજબપુરામાં વિજ તંત્રની

ગજબની કામગીરી સામે આવી છે. નમી ગયેલા વિજ થાંભલાને ઉભો રાખવા માટે ઝાડ સાથે તાણિયો બાંધવામાં આવ્યો છે અને તે ગમે ત્યારે જીવના જોખમરૂપ બની શકે તેમ છે. આ અંગે ખેડૂત ગોપાલભાઈ કોદરભાઈ પટેલે સાઠંબા જી.ઈ.બી.ના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કર્યાના ૩ મહિના પછી પણ કોઈ ઉકેલ આવ્યો નથી. વિજ કરંટ લાગશે તો જવાબદારી કોની..?? જ્યારે નમી ગયેલા વિજ થાંભલાનું જોખમ દૂર કરવા વારંવાર સૂચનાઓ આપવામાં આવી છતાં તંત્ર કેમ આવી બાબતોને ઉપેક્ષિત કરે છે..?? તેવા અનેક સવાલ ઉભા થયા છે.

પાછલા ૨ વર્ષ દરમ્યાન સાઠંબા વિજ તંત્રની કામગીરી સામે હઠીપુરા, સાઠંબા, અજબપુરા વિસ્તારના ખેડૂતોએ જાહેરમાં રોષ વ્યક્ત કર્યો છે.

પરંતુ હવે વિજ તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો ખેડૂતે રજૂ કર્યો છે જેમાં બહાર આવેલી વિગતો અનુસાર અજબપુરા ગામના સીમાડામાંથી પસાર થતી વિજ લાઈનની ડી.પી. પાસે થાંભલો જોખમી રીતે નમી ગયો છે તેને સીધો કરવાને બદલે વિજ તંત્રએ નજીકમાં આવેલા ઝાડ સાથે તાણિયો બાંધી પડું પડું થતા થાંભલાને અધકચરો ઉભો રાખ્યો છે. ગમે ત્યારે ભારે પવન કે અન્ય કારણોસર તાણિયો તૂટી જશે ત્યારે જીવિત વિજ વાયર ખેડૂતોથી માંડી રાહદારી કે મૂંગા પશુઓનો ભોગ લઈ શકે છે. આ મામલે ખેડૂત દ્વારા ૩ વખત જી.ઈ.બી.માં લેખિત રજૂઆત પછી પણ કોઈ પગલાં ભરાયાં નથી.

બેદરકારી : નવાઉંટરડા પાસે ડી.પી.ના વિજ કરંટથી ઢેલનું મોત

બાયડ તાલુકાના નવાઉંટરડા પાસે ડી.પી.ના વિજ કરંટથી ઢેલનું મોત નિપજ્યું છે. મૃતદેહ ૨ દિવસથી ડી.પી. પાસે લટકતો હોવા છતાં ઉત્સાહી તંત્ર હજુ સુધી ઘટના સ્થળે પહોંચ્યું નથી. વિજ ડી.પી.માં કોઈ ફોલ્ટના કારણે કરંટ લાગ્યો છે કે પછી અન્ય તેનાં કારણો શોધવાં પડશે અન્યથા ગમે ત્યારે મોટી જાનહાની થવાનો ભય છે.

બાયડ મામલતદાર કચેરીમાં ફરીથી વહીવટદારો ગોઠવવાનું સેટીંગ શરૂ

મામલતદાર કચેરીમાં સી.સી.ટીવી કેમેરા લાગે તો અનહદ ભ્રષ્ટાચાર બહાર આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ મામલતદાર કચેરીમાં પાછલા બારણે ફરીથી વહીવટદારો ગોઠવવાનું સેટીંગ શરૂ થઈ ગયું છે. મામલતદાર કચેરીમાં કેટલાક ખબરીલાલ ગોઠવાઈ ગયા પછી એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં તેમને કચેરીએ નહીં આવવા માટે મૌખિક સૂચના આપવામાં આવી હતી પરંતુ ખિસ્સાં ખાલી થતાં મનઘડત વાતો ઉભી કરી વહીવટદારો ફરીથી મામલતદાર કચેરીમાં ગોઠવાઈ જવાની પેરવી શરૂ કરી છે. કેટલાક જાગ્રત નાગરિકોએ વહીવટદારો કચેરીમાં હોય તે સમય દરમ્યાનની વિગતો મેળવી જિલ્લા કલેક્ટરને મોકલવા માટે સજ્જ બન્યા છે. મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચાર ડામવા માગતા હોય તો સી.સી.ટીવી કેમેરા જીવંત રાખવામાં કોની બીક લાગે છે..??

● અનુસંધાન પાના - ૭ પર

ઉડતા અરવલ્લી : મોડાસાના કસ્બા વિસ્તારમાં ગાંજાના વેચાણથી યુવાધન બરબાદીના પંથે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસાના કસ્બા વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાથી ઉડતા પંજાબ જેવી પરિસ્થિતિ આકાર લઈ રહી છે. લઘુમતી વિસ્તારના ચોક્કસ સ્થળોએ ગાંજાનું બિન્દાસ્ત વેચાણ થતાં યુવાધન નશાના રવાડે ચડી બરબાદ થઈ રહ્યું છે. રૂા.૧૦૦માં ગાંજાની પડીકીનું બંધાણીઓને વેચાણ કરવામાં આવતું હોવા છતાં ટાઉન પોલીસને માત્ર જુગારીયોને પકડવામાં રસ રહ્યો છે જેથી માદક દ્રવ્યોના વેચાણમાં ઉછાળો આવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી કસ્બા વિસ્તારમાં ગાંજા સહિતના માદક દ્રશ્યો વેચાતા હોવા છતાં પોલીસ મુક પ્રેક્ષક બની તમાશો જોતી હોય તેવી સ્થિતિ છે.

જિલ્લાના પાટનગર મોડાસાના લઘુમતી વિસ્તારોમાં પાયાગત સુવિધાઓનો અભાવ ભલે રહ્યો હોય પરંતુ કસ્બા વિસ્તારમાં નશાના બંધાણીઓને જોઈએ તે માદક દ્રવ્ય આસાનીથી મળવા લાગ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ગાંજાના વેચાણમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે જેથી યુવાનો ગંજેરી બનવા લાગ્યા છે. દમ મારો દમ..ની જેમ ગાંજાનું સેવન અને વેચાણ થતું હોવા છતાં આજદિન સુધી પોલીસે માદક દ્રવ્યો વેચનારાઓને લોકઅપમાં ધકેલ્યા નથી જેથી વધુ ને વધુ યુવાનો ગાંજાના બંધાણી બનવા લાગ્યા છે. રૂા.૧૦૦માં ગાંજાની પડીકીઓ વેચાઈ રહી છે જેના કારણે સ્થાનિક નશાબાજ તો ઠીક પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ગાંજાની ચલમ ફુંકનારા બંધાણીઓ કસ્બા વિસ્તારની વાટ પકડવા લાગ્યા છે.

૧૦૦માં ગાંજાની પડીકીનું બંધાણીઓને વેચાણ

મોડાસા ટાઉન પોલીસની નિષ્ક્રિયતાના કારણે માદક દ્રવ્યોના વેચાણમાં આશ્ચર્યજનક રીતે વધારો થયો છે પરંતુ પોલીસને માત્ર જુગારની બદી નજરે પડી રહી છે. પોલીસ દ્વારા ગાંજા સહિતના માદક દ્રવ્યોનું વેચાણ અટકાવવામાં નહીં આવે તો લઘુમતી વિસ્તાર ઉપરાંત અન્ય યુવાનો પણ ગાંજાના નિયમિત બંધાણી બનવાની દહેશત સ્થાનિકોએ વ્યક્ત કરી છે.

ગાંજાના વેચાણની તપાસ કરાવું છું : ટાઉન પી.આઈ.

મોડાસાના કસ્બા વિસ્તારના ચોક્કસ સ્થળો ઉપર ગાંજાની પડીકીઓ બિન્દાસ્ત રીતે વેચાય છે. નશાબાજ યુવાનો ગાંજો ફૂંકી યુવાની બરબાદ કરી રહ્યા છે. મોડાસા ટાઉન પી.આઈ., એન.જી.ગોહીલનો સંપર્ક કરતાં પોલીસ સ્ટેશનનો ચાર્જ હમણાં જ સંભાળ્યો છે જેથી ગાંજાના વેચાણની હું તપાસ કરાવું છું.

નઘરોળ વિજ તંત્ર : બાયડના સોસાયટી વિસ્તારોને અરજણવાવ ફીડર સાથે જોડી રાખતાં વારંવાર અંધારપટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડના કેટલાક સોસાયટી વિસ્તારોને અરજણવાવ ફીડરમાંથી બાયડ ફીડરમાં તબદિલ કરવાની સૂચના છતાં નઘરોળ વિજ તંત્ર સાંભળતું નથી. જેના કારણે અસહ્ય ગરમીમાં વારંવાર અંધારપટ સર્જાતાં ભૂખેલ રોડ, સ્વામિનારાયણ સોસાયટી, વિવેકાનંદ સોસાયટી સહિતના અનેક રહીશો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. યોગ્ય હલ નહીં આવે તો રહીશો વિજ કચેરી આગળ જઈ મોરચો માંડશે તેમ જણાવ્યું છે.

સરકાર દ્વારા તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરી ૨૪ કલાક વિજ પુરવઠો આપવામાં આવે છે. ત્યારે બાયડમાંથી પસાર થતી અરજણવાવ ફીડરમાં કેટલાક વિજ તંત્રના ઈજનેરોએ પોતાનો સ્વાર્થ સાધી બાયડના શહેરી વિસ્તારના વિજ કનેક્શનો આપ્યા હતા. લાંબા સમય સુધી વારંવાર વીજળી ડૂલ થવાના કારણે આ વિસ્તારના રહીશો દ્વારા તલોદ વર્તુળ કચેરીમાં રજૂઆત થઈ હતી જેથી ગત જાન્યુઆરી મહિનામાં ખાસ પેનલ ફાળવી ચોઈલા જી.ઈ.બી. ઓફીસને બાયડના ગ્રાહકોના વિજ કનેક્શન અરજણવાવ ફીડરમાંથી અલગ કરી સત્યમ ફીડરમાં તબદિલ કરવાની લેખિત અને મૌખિક સૂચના આપવામાં આવી હતી પરંતુ કોઈપણ કારણોસર બાયડ અને ચોઈલા વિજ તંત્ર વચ્ચે સંકલનનો અભાવ રહ્યો છે અને હવે બંન્ને વિજ કચેરીઓ એકબીજા ઉપર કામ કરવાની જવાબદારી હોવાનું જણાવતાં છેલ્લા ૧૦ દિવસમાં બેવાર અંધારપટ સર્જાતાં બાયડના સોસાયટી વિસ્તારના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બોર્ડની પરીક્ષા નજીકમાં છે અને આ અંગેનો યોગ્ય હલ નહીં આવે તો વિદ્યાર્થીઓ અને વાલીઓ બાયડ વિજ કચેરી આગળ જઈ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો માર્ગ અખત્યાર કરશે તેમ જણાવ્યું છે.

સાબરકાંઠા, અરવલ્લીમાં શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધનો આદેશ પરંતુ પરીપત્ર ક્યાં..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

રાજ્યમાં કોરોનાની વકરતી સ્થિતિના કારણે રાજ્ય સરકારે સોમવારથી ધો.૧ થી ૯ ની શાળાઓ બંધ રાખવાની જાહેરાત તો કરી પરંતુ જાહેરાતના ૨૪ કલાક પછી પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શાળાઓના મુખ્ય શિક્ષકને પરીપત્ર ન મળતાં સોમવાર સવારે અવઢવમાં મૂકાયા હતા. અગાઉ ગૃપમાં મૌખિક સૂચના આપી આખા રાજ્યમાં એપ્રિલમાં બપોરની શાળા કરવાનો નિર્દેષ આપનાર નિયામક કક્ષાએથી પણ હજુ સુધી કોઈ આદેશ થયો નથી તેવું શિક્ષકોએ જણાવ્યું છે.

રાજ્યમાં ખાસ કરીને શિક્ષણ વિભાગમાં લેવાતા નિર્ણયો સૌથી વધુ વિવાદાસ્પદ રહ્યા છે અને અન્યાય પણ સૌથી વધુ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોને થઈ રહ્યો છે. એપ્રિલ મહિનામાં શાળાઓ દર વર્ષે તા.૧ થી સવારની થતી હતી પરંતુ આ વર્ષે બપોરની શાળા રખાતાં ૨ લાખથી વધુ પ્રા.શિક્ષકોમાં રોષ વ્યાપ્યો હતો.

આખરે શાળાઓ તા.૫ એપ્રિલથી સવારની કરવાનો આદેશ થયો તે પૂર્વે રાજ્યમાં કોરોનાની સ્થિતિ કાબુ બહાર જતાં સરકાર દ્વારા ધો.૧ થી ૯ ની શાળાઓ બંધ કરવાની જાહેરાત કરી પરંતુ આ જાહેરાતના ૨૪ કલાક પછી પણ જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કોઈ સૂચના મળી ન હોય તેમ મુખ્ય શિક્ષકોને પણ આ અંગેની કોઈ જાણકારી ન અપાતાં સોમવારે બંન્ને જિલ્લાની ૨૫૦૦ થી વધુ સરકારી પ્રા. શાળાના મુખ્ય શિક્ષકો અને શિક્ષકો અવઢવમાં મૂકાયા હતા. તો કેટલાક મુખ્ય શિક્ષકોએ જણાવ્યું કે પરીપત્ર અમને મળ્યો નથી અને એકપણ જિલ્લાએ શાળા બંધ રાખવી કે બાળકોને બોલાવવા નહીં એવી કોઈ સૂચના પણ આપવામાં આવી નથી.